ગુજરાત સરકારના કામકાજના નિયમો,૧૯૯૦ ના નિયમ-૧૫ હેઠળ બહાર પાડેલ સરકારી કામકાજ સંબંધે સૂચનાઓ પ્રમાણે અધિકારીઓને સત્તાની સોંપણી.

ગુજરાત સરકાર,
ઉદ્યોગ અને ખાણ વિભાગ,
હુકમ ક્રમાંક: મકમ/૧૦૨૦૨૧/૯૬૪/ક
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ- 31 MAY 2023

**હુકમ**

ગુજરાત સરકારના કામકાજના નિયમો, ૧૯૯૦ના નિયમ ૧૫ હેઠળ બહાર પાડવામાં આવેલી કામકાજને લગતી સૂચનાઓ પૈકી સૂચના ૪(૧)(ક) અનુસાર આ નિયમોની પહેલી અનુસૂચિમાં ભાગ-૨ માં ઉદ્યોગ અને ખાણ વિભાગને ફાળવાયેલ વિષયોની યાદીમાં મીઠા ઉદ્યોગ સંબંધિત વિષયના સંબંધમાં સામાન્ય વહીવટ વિભાગ દ્વારા નક્કી કરેલ રજુઆતોના રાહ હેઠળના વિષયો તથા નાણા વિભાગે નક્કી કરેલ નાણાકીય સત્તા સોંપણીના હુકમો મુજબ અને તે સિવાયના કેસો હુકમ સાથેના પરિશિષ્ટ-૧,૨,૩ અને ૪ માં દર્શાવેલ કક્ષાએ નિકાલ કરવાનો આદેશ આપુ છું.

જગદીશ વિશ્વકર્મા
માન. રાજ્ય કક્ષા મંત્રી,
મીઠા ઉદ્યોગ (સ્વતંત્ર હવાલો),
ગુજરાત સરકાર

**પ્રતિ,**

* માન. રાજ્યપાલશ્રીના અગ્ર સચિવશ્રી, ગાંધીનગર.
* માન. મુખ્ય મંત્રીશ્રીના મુખ્ય અગ્ર સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.

માન. મંત્રીશ્રી (મીઠા ઉદ્યોગ) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.

સર્વે મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.

સર્વે રાજ્યકક્ષાના મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રીઓ, સચિવાલય, ગાંધીનગર.

* સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર.
* સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, સે.-૧૦, ગાંધીનગર.
* રજીસ્ટ્રારશ્રી, ગુજરાત હાઈકોર્ટ, અમદાવાદ.

કાયદા વિભાગ, સચિવાલય, ગાંધીનગર. (વધારાની પાંચ નકલ)

સચિવાલયના સર્વે વિભાગ.

વિભાગના સર્વે અધિકારીઓ/વિભાગની સર્વે શાખાઓ.

ઉદ્યોગ અને ખાણ વિભાગના હેઠળના ખાતાના વડાઓ

સામાન્ય વહીવટ વિભાગ, કેયુ શાખા.

શાખા સિલેક્ટ ફાઈલ

* પત્ર દ્વારા.

## પરિશિષ્ટ–૧

## માન.રા.ક.મંત્રીશ્રી મીઠા ઉદ્યોગ(સ્વતંત્ર હવાલો) કક્ષાએ નિકાલ કરવાના કેસો

(૧) મીઠા ઉદ્યોગ માટેની જમીન ફાળવણી માટે ઉદ્યોગ વિભાગમાં આવતા કેસો

(૨) વિધાનસભા/લોકસભાના પ્રશ્નોના જવાબ બાબત.

(૩) અંદાજપત્રીય બાબત

(૪) મીઠા ઉદ્યોગને સંબંધિત આનુષાંગિક બાબતો (નીતિ વિષયક બાબતો સહિત)

## પરિશિષ્ટ–૨

## અધિક મુખ્ય સચિવશ્રી/ અગ્ર સચિવશ્રી /સચિવશ્રી કક્ષાએ નિકાલ કરવાના કેસો

(૧) અંદાજપત્ર

(૨) બચત સુપ્રત કરવા સંબંધ હુકમ

(૩) ફંડનો પુર્નવિનિયોગ

(૪) પૂરક માંગણીઓ

(૫) પ્રકીર્ણ આવર્તક ખર્ચ મંજુર કરવા બાબત.

(૬) વિધાનસભાના પ્રશ્નો સચિવાલયના બીજા વિભાગોને તબદીલ કરવા બાબત

(૭) જાહેર હિસાબ સમિતિ, જાહેર સાહસોની સમિતિ, ગૌણવિધાન સમિતિ, અંદાજસમિતિ, ખાતરી સમિતિ,એ.જી. તરફથી આવતા ડ્રાફ્ટ દૂધારા વગેરેને લગતી બાબતો જેમાં સરકારે આપેલ ખાતરી અંગે ઉત્તરના મુદ્દા.

(૮) સીએજી પારા, ઓડીટપારા, સંસદ સભ્યશ્રી /ધારા સભ્યશ્રી સંદર્ભો

(૯) મીઠા ઉદ્યોગને સંબંધિત આનુષાંગિક બાબતો

## પરિશિષ્ટ-૩

### અધિક સચિવશ્રી/ સંયુક્ત સચિવશ્રી /નાયબ સચિવશ્રી કક્ષાએ નિકાલ કરવાના કેસો

(૧) ઓડિટ વાંધાઓ અને હિસાબો મેળવવા વગેરે

(૨) મીઠા ઉદ્યોગને સંબંધિત આનુષાંગિક કામગીરી

(૩) અંદાજપત્રીય બાબતો

(૪) મીઠા ઉદ્યોગ સંબંધિત સ્ટડી ટૂરની મંજુરી બાબત.

## પરિશિષ્ટ–૪

## ઉપ સચિવશ્રી કક્ષાએ નિકાલ કરવાના કેસો

(૧) મીઠા ઉદ્યોગને સંબંધિત આનુષાંગિક કામગીરી

(૨) અંદાજપત્રની દરખાસ્તો (મીઠા ઉદ્યોગ)પત્રકો/સુધારેલા અંદાજો અને પૂરક માંગણી નાણાં વિભાગને મોકલવા બાબત.